**બોરસદમાં અંધારપટ | 42 ડિગ્રી તાપમાનમાં જનતા બેહાલ છતાં અધિકારીઓ ગાયબ**

# બોરસદમાં વીજ કંપનીની ઘોર બેદરકારી સામે મધરાતે જનતાનો 'પાવર'ફૂલ આક્રોશ

**છેલ્લા 5** દિવસથી મધરાતે 3થી 4 કલાક પાવર કટ થતાં વીજ કચેરી પર હલ્લાબોલ

(પ્રતિનિધિ) બોરસદ તા.13

બોરસદ શહેર જાણે આદિમ યુગમાં ધકેલાઈ ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. વીજ કંપનીની અક્ષમ્ય નિષ્ક્રિયતા અને ગંભીર લાપરવાહીને કારણે છેલ્લા પાંચ દિવસથી સ્થાનિક રહીશો નર્ક જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. જ્યારે આખું શહેર સુવાની તૈયારીમાં હોય છે, ત્યારે જ 'કુંભકર્ણની નિદ્રા'માં પોઢેલું તંત્ર વીજ પુરવઠો ખોરવી નાખે છે, જેના કારણે રોષે ભરાયેલા નાગરિકોએ મધરાતે વીજ કચેરી ગજવી મૂકી હતી.

બોરસદમાં છેલ્લા પાંચ દિવસથી વીજ પુરવઠાની કામગીરી સંપૂર્ણપણે કથળી ગઈ છે. દરરોજ રાત્રે જ્યારે આરામનો સમય હોય છે, ત્યારે જ સતત 3થી 4 કલાક સુધી વીજળી ગુલ કરી દેવામાં આવે છે. એક તરફ પારો 40થી 42 ડિગ્રીને પાર કરી રહ્યો છે, ત્યારે વીજળી વિના નાના બાળકો અને વૃદ્ધોની હાલત અત્યંત કફોડી બની ગઈ છે. વારંવારની રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ કાયમી ઉકેલ લાવવાને બદલે માત્ર ઠાલા આશ્વાસનો આપવામાં આવતા હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે.



તેમાંય અધિકારીઓની ગેરહાજરી અને કર્મચારીના ઉદ્ધત વર્તને આગમાં ઘી હોમ્યું હતું. મંગળવાર રાત્રે પાવર કટ થતા મોટી સંખ્યામાં નાગરિકોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો અને તેઓ સીધા વીજ કચેરીએ પહોંચ્યા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે, આવી ગંભીર પરિસ્થિતિમાં પણ કચેરીમાં કોઈ જવાબદાર અધિકારી હાજર નહોતા અને હાજર કર્મચારીઓના ઉદ્ધત વલણ અને કોઈ સાંભળનાર ન હોવાથી મામલો બિચક્યો હતો અને રોષે ભરાયેલા ટોળાએ સૂત્રોચ્ચાર કરી હલ્લાબોલ મચાવ્યો હતો.

### શું અધિકારીઓ એરકન્ડિશનમાં ઊંઘે છે?

બોરસદની જનતા જ્યારે 42 ડિગ્રીમાં વીજળી વગર તરફડે છે, ત્યારે જવાબદાર અધિકારીઓ એસી ઓફિસો કે ઘરોમાં આરામ ફરમાવતા હોય તેવું જણાય છે. જનતાનો પ્રશ્ન છે કે જો પાવર કટની સમસ્યા કાયમી છે, તો તેનું નિરાકરણ કેમ નથી લાવવામાં આવતું ? શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે ? પોલીસ કાફલો બોલાવવાની ફરજ પડી વીજ કચેરીમાં સ્થિતિ નિયંત્રણ બહાર જતી જણાતા તાત્કાલિક પોલીસ કાફલો બોલાવવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચી ઉગ્ર બનેલા લોકોને માંડ શાંત પાડ્યા હતા.

## બોચાસણ 'આદિતીર્થરાજ'માં બીએપીએસ મંદિરનો 119મો પાટોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો





બોચાસણ સ્થિત બીએપીએસ સ્વામિનારાયણ મંદિરનો 119મો પાટોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ દ્વારા સ્થાપિત આ પ્રથમ શિખરબદ્ધ મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાનો જયઘોષ કરાયો હતો. આ માંગલિક અવસરે સવારે 8-00 કલાકે નિજ મંદિરમાં ઠાકોરજી અને ગુરુપરંપરાની મૂર્તિઓનો શાસ્ત્રોક્ત વિધિથી અભિષેક કરવામાં આવ્યો હતો. બાદમાં યોજાયેલી ભવ્ય મહાપૂજા વિધિમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ જોડાઈને આસ્થા વ્યક્ત કરી હતી. આ પાટોત્સવ નિમિત્તે ઠાકોરજી સમક્ષ વિવિધ વાનગીઓનો કલાત્મક અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ ઉત્સવ સભામાં સોમપ્રકાશ સ્વામી અને સર્વમંગલ સ્વામી સહિતના વરિષ્ઠ સંતોએ પ્રાસંગિક પ્રવચનો દ્વારા ગુણાનુવાદ ગાયા હતાં. આ પ્રસંગે રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલે ભાવાંજલિ અર્પી હતી. સદગુરુ ત્યાગવલ્લભ સ્વામીના આશીર્વાદ અને કોઠારી વેદજ્ઞ સ્વામીના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર ઉત્સવનું સુંદર આયોજન થયું હતું. નડિયાદ, મહેળાવ અને આણંદ સહિત સમગ્ર ચરોતર પંથકમાંથી હજારોની મેદની આ દિવ્ય મહોત્સવમાં ઉમટી પડી હતી.

# રશિયામાં નોકરી અપાવવાના બહાને યુવક સાથે છેતરપિંડી

**ફેસબુક પર** સંપર્ક થયા બાદ ગઠિયાએ ટુકડે-ટુકડે રૂ. 50 હજાર પડાવી લીધા

(પ્રતિનિધિ) વીરપુર તા.13

મહિસાગર જિલ્લાના વીરપુરના એક યુવકને રશિયામાં વેરહાઉસ વર્કરની નોકરી અપાવવાની લાલચ આપી ઓનલાઈન રૂ. 50,000 પડાવી લેવાની ઘટના સામે આવી છે. વિદેશ જવાની ઘેલછામાં યુવકે પોતાની મહેનતના નાણાં ગુમાવવાનો વારો આવ્યો છે અને આ મામલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

વીરપુરમાં રહેતાં મોહમંદ પરવેઝ શેખ વેપાર કરે છે. તેઓ ફેસબુક પર વિદેશમાં નોકરી માટે સર્ચ કરતા તે 'સૌરભ' નામના વ્યક્તિના સંપર્કમાં આવ્યો હતો. સૌરભ નામના આ ગઠિયાએ ફરિયાદી સાથે વહોટ્સએપ કોલ દ્વારા વાતચીત કરીને તેને રશિયામાં નોકરી અને વિઝા અપાવવાનો ભરોસો આપ્યો હતો. નોકરી અને વિઝાની પ્રક્રિયાના બહાને સૌરભે યુવક પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂ. 50,000 ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા હતા. એટલું જ નહીં, આરોપીએ યુવકનો પાસપોર્ટ પણ કુરિયર દ્વારા દિલ્હી મંગાવી લીધો હતો. લાંબો સમય વીતવા છતાં વિઝા ન મળતા અને સામે પક્ષે સૌરભે સંપર્ક કાપી નાખતા યુવકને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. આ મામલે વિરપુર પોલીસે સૌરભ વિરુદ્ધ તેના મોબાઈલ નંબરના આધારે છેતરપિંડીનો ગુનો નોંધ્યો હતો.

# વીરપુરમાં પેટ્રોલની કટોકટી : 3 પૈકી 2 પંપો પર 'નો સ્ટોક'ના બોર્ડ લાગ્યાં

**લગ્નસરાની** મોસમ અને ગરમી વચ્ચે પેટ્રોલ મેળવવા એકમાત્ર પંપ પર લાંબી કતારો

(પ્રતિનિધિ) વીરપુર તા.13

વીરપુરમાં ફરી એક વખત પેટ્રોલ પંપ પર ઈંધણની અછત સર્જાતા અફડા તફડી મચી ગઈ છે. વીરપુર પંથકમાં ગણતરીના 3 જ પેટ્રોલ પંપમાંથી 2 પંપ પર નો સ્ટોકના બોર્ડ લટકતાં વાહન ચાલકોને હાલત કફોડી સ્થિતિ સર્જાઇ હતી. બીજી તરફ પુરવઠા વિભાગની નિષ્ક્રિયતા સામે વાહનચાલકો બેહાલ જોવા મળ્યાં હતાં.



વીરપુર પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી પેટ્રોલની ગંભીર અછત સર્જાતા સામાન્ય જનજીવન પર તેની વ્યાપક અસર જોવા મળી રહી છે. પંથકમાં આવેલા કુલ ત્રણ પેટ્રોલ પંપો પૈકી બે પંપો પર 'પેટ્રોલ નથી' અને 'નો સ્ટોક'ના બોર્ડ ઝૂલી રહ્યા છે, જેના કારણે ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. હાલમાં જ્યારે લગ્નસરાની સીઝન ચાલી રહી છે અને વાહનોની અવરજવર વધી છે, ત્યારે જ સર્જાયેલી આ કટોકટી લોકો માટે માથાનો દુખાવો બની છે. સમગ્ર પંથકમાં માત્ર એક જ પેટ્રોલ પંપ પર સ્ટોક ઉપલબ્ધ હોવાથી ત્યાં સવારથી જ વાહનોની કિલોમીટરો લાંબી કતારો જોવા મળે છે.

વીરપુરમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા છતાં પેટ્રોલ મળશે કે નહીં તેની અનિશ્ચિતતાને લીધે વાહનચાલકોમાં ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ અછતને કારણે નોકરીયાત વર્ગ, ખેડૂતો અને નાના વેપારીઓના કામ ખોરંભાયા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે પુરવઠા વિભાગ આ ગંભીર પરિસ્થિતિમાં ઘોર નિંદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે, કારણ કે હજુ સુધી આ સમસ્યાના ઉકેલ માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી.

આ અંગે મામલતદાર એસ.ડી. પટેલે જણાવ્યું હતું કે, તેઓ આ સ્થિતિથી અજાણ હતા અને હવે પંપ પરના સ્ટોક અંગે જરૂરી તપાસ કરી રહ્યા છે.

# ઉમરેઠ પાસે ડિવાઈડર સાથે બાઈક અથડાતા યુવકનું મોત

**નડીયાદ-ડાકોર** રોડ પર દ્વારકેશ હોસ્પિટલ સામે સર્જાયો અકસ્માત

(પ્રતિનિધિ) આણંદ, તા.13

ઉમરેઠમાં નડીયાદ-ડાકોર રોડ પર આવેલી દ્વારકેશ હોસ્પિટલ સામે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ડિવાઈડર સાથે ભટકાતા ચાલકનું મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ નેપાળના વતની અને હાલ નડીયાદની પીપલગ ચોકડી પાસે આવેલી હોસ્પિટાલિટી ક્ષેત્રની એક રેસ્ટોરન્ટમાં નોકરી કરતા નિરકબહાદુર હીરાસિંહ બિસ્ટના ભાઈ ગણેશબહાદુર હીરાસિંહ બિસ્ટ પોતાની મોટરસાયકલ (નંબર GJ-06-QD-1183) લઈને ઉમરેઠ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. 11મી મેના રોજ બપોરે આશરે 2-30 વાગ્યાના સુમારે, જ્યારે તેઓ ઉમરેઠમાં દ્વારકેશ હોસ્પિટલ સામેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેમણે પોતાની બાઈક પરનો કાબૂ ગુમાવ્યો હતો. બાઈક પૂરઝડપે હોવાને કારણે તે રોડ પરના ડિવાઈડર સાથે જોરભેર અથડાઈ હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે ગણેશબહાદુર રોડ પર પટકાતા તેમને માથાના તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માત બાદ ગંભીર રીતે ઘવાયેલા યુવાનનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ મામલે મૃતકના ભાઈ નિરકબહાદુર બિસ્ટની ફરિયાદના આધારે ઉમરેઠ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નડિયાદમાં એસટીના સિનિયર ક્લાર્ક સાથે 82 હજારની ઠગાઈ

**ગઠિયાએ** બેન્ક કર્મચારી હોવાની ઓળખ આપી મોબાઈલ મેળવી ક્રેડિટ કાર્ડમાંથી 82,400 સેરવી ગયો

(પ્રતિનિધિ) આણંદ તા.13

નડિયાદ જીએસઆરટીસી કચેરીમાં સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીને ક્રેડિટ કાર્ડ રજિસ્ટ્રેશન અને લિમિટ વધારવાના બહાને વિશ્વાસમાં લઈ, એક ભેજાબાજ ગઠિયો રૂપિયા 82,400 પડાવીને ફરાર થઈ જતાં ચકચાર મચી છે.

નડિયાદની અમરનાથ સોસાયટીમાં રહેતા અને એસ.ટી. વિભાગમાં નોકરી કરતા રાજેશકુમાર પુરબીયાને ગત એપ્રિલ માસમાં એક ફોન આવ્યો હતો. ફોન કરનાર શખ્સે પોતાની ઓળખ એસ.બી.આઈ. બેન્કના કર્મચારી ભાવેશ પટેલ તરીકે આપી હતી અને ક્રેડિટ કાર્ડ એક્ટિવેટ કરવા તથા લિમિટ વધારવા માટે રજિસ્ટ્રેશન કરાવવું પડશે તેમ કહી વિશ્વાસમાં લીધા હતા. ગત 28 એપ્રિલના રોજ આ શખ્સ રૂબરૂ નડિયાદ એસ.ટી. કચેરી ખાતે રાજેશકુમાર પાસે આવ્યો હતો. રજિસ્ટ્રેશન કરવાના બહાને તેણે રાજેશકુમારનો મોબાઈલ ફોન અનલોક કરાવી પોતાની પાસે લીધો હતો. ક્લાર્ક પોતાના ઓફિસના કામમાં વ્યસ્ત હતા, તેનો લાભ ઉઠાવી આ ગઠિયાએ અડધો-પોણો કલાક સુધી મોબાઈલ અને ક્રેડિટ કાર્ડ સાથે છેડછાડ કરી હતી. બાદમાં સર્વર ડાઉન હોવાનું બહાનું કાઢી તે ત્યાંથી જતો રહ્યો હતો. જોકે, બે દિવસ સુધી આ શખ્સ પરત ન ફરતા અને ફોન પણ ન ઉપાડતા રાજેશકુમારને શંકા ગઈ હતી. તેમણે પોતાના પુત્રની મદદથી બેન્કની ક્રેડિટ કાર્ડ એપ્લિકેશન ચેક કરતા માલુમ પડ્યું હતું કે, તેમના કાર્ડમાંથી ફોન-પે ટોપઅપ દ્વારા અલગ-અલગ ટ્રાન્ઝેક્શનથી કુલ 82,400 કપાઈ ગયા છે. ઠગાઈનો અહેસાસ થતા તેમણે તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર ફરિયાદ કરી હતી, જેના આધારે પોલીસે તપાસ તેજ કરી છે.

# રીક્ષામાં વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ રંગેહાથ પકડાયો

**આણંદ લોકલ ક્રાઇમ** બ્રાંચે ફિલ્મી ઢબે દરોડો પાડી આરોપીને દબોચ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.13

આણંદ શહેરના ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેસેન્જર રીક્ષા ચલાવવાની આડમાં વરલી મટકાના આંકડાનો જુગાર રમાડતા એક ઈસમને લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે.

આણંદ જિલ્લા પોલીસ અધિક્ષક જી.જી. જસાણીની સૂચનાથી પ્રોહીબિશન અને જુગારની બદી ડામવા માટે લોકલ ક્રાઈમ બ્રાંચના પોલીસ ઈન્સ્પેક્ટર સી.પી. ચૌધરી દ્વારા અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. આ દરમિયાન એલસીબી સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે પોલીસ કોન્સ્ટેબલ તૌસીફ અહેમદને ચોક્કસ બાતમી મળી હતી કે, સી.એન.જી. રીક્ષા નંબર જી.જે.07 વાય.ઝેડ. 7718 નો ચાલક પોતાના મોબાઈલ દ્વારા વરલી મટકાના આંકડા લખે છે. આ રીક્ષા નેશનલ હાઈવે નંબર 8થી મોટી શાક માર્કેટ થઈ સામરખા ચોકડી બ્રિજ નીચે આવનાર છે તેવી માહિતીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી.

આથી, પોલીસે બાતમી વાળી જગ્યાએ રેઈડ કરી રીક્ષા ચાલક મહમંદરફીક ઉસ્માનભાઈ વ્હોરા (રહે. પેરામાઉન્ટ સોસાયટી, આણંદ) ને આંકડા લખતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો. આ કાર્યવાહીમાં સીએનજી રીક્ષા, મોબાઈલ, રોકડ, આંકડા લખેલ ડાયરી અને કાર્બન પેન સહિત કુલ રૂ. 71,490 નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ અંગે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

**તસ્કરોએ મકાનનો પાછળનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો**

# બોરસદના બદલપુર ગામમાં ₹3.89 લાખની મત્તાની ચોરી

**મધરાતે** તસ્કરોએ તિજોરી તોડી 75 ગ્રામથી વધુના સોનાના દાગીના ઉસેડી ગયા

(પ્રતિનિધિ) બોરસદ, તા.13

બોરસદ તાલુકાના બદલપુર (નારાયણપુરા) વિસ્તારમાં ગત મધ્યરાત્રિએ તસ્કરોએ એક રહેણાંક મકાનને નિશાન બનાવી લાખો રૂપિયાના સોનાના દાગીનાની ચોરી કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. તસ્કરોએ મકાનનો પાછળનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને તિજોરીમાં રાખેલ કિંમતી ઘરેણાં ઉઠાવી ગયાં હતાં.

બોરસદ તાલુકાના બદલપુરના નારાયણપુરામાં રહેતા અને નોકરી કરતા સતીષભાઈ રામસિંહ પરમારના મકાનમાં તારીખ 12મી મેના રોજ મોડી રાત્રે 1-00થી વહેલી સવારના 5-00 વાગ્યાના સમયગાળા દરમિયાન આ ચોરીની ઘટના બની હતી. અજાણ્યા તસ્કરોએ મકાનના પાછળના ભાગે આવેલા ત્રીજા ખંડનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ઘરમાં રહેલી તિજોરીમાંથી તસ્કરોએ સોનાના વિવિધ દાગીનાની ચોરી કરી હતી.

આ ચોરીમાં તસ્કરો સોનાનો હાર (સેટ) આશરે 40 ગ્રામ (કિંમત રૂ. 2 લાખ), બે નંગ સોનાની કાનની વેર, 5 ગ્રામ (કિંમત રૂ. 25 હજાર), સોનાનું મંગળસૂત્ર 15 ગ્રામ (કિંમત રૂ. 75 હજાર), સોનાનું લોકેટ 05 ગ્રામ (કિંમત રૂ. 25 હજાર) અને 10 ગ્રામ સોનાનો ટીક્કો (કિંમત રૂ. 50 હજાર) મળી કુલ મળીને રૂ. 3.75 લાખના સોનાના દાગીના અને અન્ય ચીજવસ્તુઓ મળી કુલ રૂ. 3.89 લાખની મત્તાની ચોરી થઈ હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધાયું છે. આ બનાવ અંગે સતીષભાઈ પરમારે બોરસદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**જાહેર નિવિદા**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, મોજે સંધાણા, તા.માતર ગામે આવેલ વેરાઈમાતા મંદીર પાસેની જર્જરીત પાણીની ટાંકીના કાટમાળની જાહેર હરાજી તા.૧૮/૦૫/૨૦૨૬ ના સોમવારે બપોરે ૦૧-૦૦ કલાકે ગ્રા.પં.સંધાણા મુકામે રાખેલ છે. હરાજીની તમામ શરતો સ્થળ પર વાંચી સંભળાવામાં આવશે. જર્જરીત પાણીની ટાંકીની અપસેટ કિંમત રૂ.૩૩૭૦/- અંકે ત્રણ હજાર ત્રણસોને સીત્તેર રૂપિયા પુરા.

સહી/-તલાટી કમ મંત્રી
સંધાણા ગ્રામ પંચાયત
તા.માતર, જિ.ખેડા

સહી/- સરપંચ
સંધાણા ગ્રામ પંચાયત
તા.માતર, જિ.ખેડા

**ગુજરાતમિત્ર**
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

# પેટલાદના મોરાદમાં 4 ભાઈએ કરોડોની જમીન પચાવી પાડી

**કોરોનાકાળનો** લાભ લઈ મહિલાની જમીન પર કબજો જમાવ્યો

(પ્રતિનિધિ) પેટલાદ તા.13

પેટલાદ તાલુકાના મોરાદ ગામની સીમમાં આવેલી કરોડોની કિંમતની જમીન પર ગેરકાયદેસર કબજો જમાવી, તેના મૂળ માલિકને જાનથી મારી નાખવાની ધમકી આપનાર ચાર શખ્સો વિરુદ્ધ મહેળાવ પોલીસે ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કરમસદના રહેવાસી વર્ષાબેન પટેલે વર્ષ 2009માં મોરાદ ગામમાં સર્વે નંબર 634 વાળી કિંમતી જમીન ખરીદી હતી. કોરોના મહામારી દરમિયાન વર્ષાબેન ખેતરે જઈ શક્યા ન હતા, જેનો ગેરલાભ ઉઠાવી ગોકળપરાના સોમાભાઈ રાવજીભાઈ સોલંકી અને તેમના ત્રણ ભાઈ અશોકભાઈ, રાજુભાઈ અને મહેન્દ્રભાઈએ આ જમીન પર ગેરકાયદેસર કબજો જમાવી દીધો હતો.

જ્યારે માલિક દ્વારા આ અંગે રજૂઆત કરવામાં આવી, ત્યારે આરોપીઓએ "જો જમીન પર પગ મુકશો તો જીવતા નહીં રહેવા દઈએ" તેવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ મામલે વર્ષાબેને 7મી સપ્ટેમ્બર 2024ના રોજ આણંદ કલેક્ટરને લેન્ડ ગ્રેબિંગ હેઠળ અરજી કરી હતી. કલેક્ટર કચેરીની તપાસમાં જમીન પચાવી પાડ્યાના પુરાવા મળતા, કલેક્ટરના આદેશ અનુસાર મહેળાવ પોલીસે ચારેય આરોપી ભાઈઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# મહિસાગર એસપી પોતે તાલુકા મથકો પર આવીને લોકોની વ્યથા સાંભળશે

**પોલીસની** સંવેદનશીલ પહેલથી હવે ફરિયાદ માટે લુણાવાડા સુધી લાંબા થવાની જરૂર નથી

(પ્રતિનિધિ) લુણાવાડા, તા.13

મહિસાગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સાથે લોકભિમુખ વહીવટને વેગ આપવા માટે પોલીસ અધિક્ષક સફીન હસન દ્વારા એક પ્રશંસનીય નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લાના અંતરિયાળ વિસ્તારોના ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોને ન્યાય મેળવવા માટે હવે 40થી 50 કિલોમીટર દૂર લુણાવાડા સુધી ધક્કા ખાવા નહીં પડે. એસપી પોતે દર બુધવારે નિર્ધારિત પોલીસ મથકો પર



હાજર રહી લોકોની રજૂઆતો સાંભળશે.

મહિસાગરમાં સ્થાનિક પોલીસની કામગીરીથી અસંતોષ હોય અથવા રજૂઆતોમાં વિલંબ થતો હોય ત્યારે નાગરિકોએ જિલ્લા પોલીસ વડાને મળવા માટે લુણાવાડા સ્થિત કચેરીએ જવું પડતું હોય છે. પરંતુ બાલાસિનોર અને વીરપુર જેવા તાલુકાઓથી લુણાવાડાનું અંતર ઘણું હોવાથી લોકોના સમય અને નાણાંનો વ્યય થતો હતો, જેના કારણે ઘણીવાર સામાન્ય માણસ ન્યાય મેળવવાની ઈચ્છા જ છોડી દેતો હોય છે. પ્રજાનો પોલીસ પરનો વિશ્વાસ વધે અને સમન્વય જળવાય તે હેતુથી મહિસાગર જિલ્લા પોલીસ વડા સફીન હસન દ્વારા આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.

જો કોઈ અનિવાર્ય સંજોગો હોય તો નાગરિકો લુણાવાડા ખાતેની પોલીસ અધિક્ષક કચેરીનો પણ સંપર્ક કરી શકે છે. આ પહેલથી પોલીસ અને પ્રજા વચ્ચેનું અંતર ઘટશે અને પડતર અરજીઓનો ઝડપથી નિકાલ આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. કોઈપણ જાતના ડર વિના નાગરિકો પોતાની ન્યાયિક રજૂઆતો માટે આ તકનો લાભ લે તેમ પોલીસ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. જોકે, વધુ માહિતી માટે કચેરીના ફોન નંબર 02674 - 250128 પર પણ સંપર્ક કરી શકાય છે.

### તાલુકા મથકે એસપીને મળવાનો કાર્યક્રમ

કડાણા અને સંતરામપુર વિસ્તાર: નાગરિકો દર મહિનાના પહેલા અને ત્રીજા બુધવારે સાંજે 4-30 થી 7-00 કલાક દરમિયાન સંતરામપુર પોલીસ સ્ટેશન ખાતે એસપીને રૂબરૂ મળી શકશે. **બાલાસિનોર અને વીરપુર વિસ્તાર:** આ વિસ્તારના લોકો દર મહિનાના બીજા અને ચોથા બુધવારે સાંજે 4-30થી 7-00 કલાક દરમિયાન બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન ખાતે રજૂઆત કરી શકશે.